# પ્રેસનોટ

# 'ટપાલ ટિકિટોનું પ્રદર્શન'

સુરત મહાનગરપાલિકા સંચાલિત ચોક બજાર સ્થિત ઐતિહાસીક કિલ્લા ખાતે આર્ટ ગેલેરી કમ એક્ઝિબીશન હોલમાં  તા. ૧૫ થી ૩૦ જૂન, ૨૦૨૪ સુધી ભારતીય પોસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા વખતો વખત બહાર પડતા 'વિશિષ્ટ કોમેમોરેટિવ ટપાલ ટિકિટ'ની થીમ પર વ્યક્તિ વિશેષ, સંસ્થાકીય, કળાદર્શી, વાતાવરણ સંબંધીત, વિશિષ્ટ દિવસોની ઉજવણી જેવા વિષયો આધારિત તથા વિશ્વના વિભિન્ન દેશો જેમકે યુએસએ, કેનેડા, ઓસ્ટ્રેલીયા, સાઉથ આફ્રીકા, લાઓસ, હંગેરી, ચેક રિપબ્લીક, પોર્ટુગલ, હોન્ગકોન્ગ, જાપાન જેવા દેશોમાંથી પ્રસિધ્ધ થયેલ વિવિધ ટપાલ ટિકિટોનું પ્રદર્શન આયોજીત કરવામાં આવી છે. આ પ્રદર્શનમાં ભારતમાં ટપાલ ટિકિટોના ઈતિહાસને દર્શાવતી પેનલોને પણ પ્રદર્શિત કરવામાં આવી છે. સુરતના નગરજનોને આવા વિભિન્ન વિષયોના સંગ્રહની માહિતી મળે તથા વિદ્યાર્થીઓમાં આવા પ્રકારના સંગ્રહ કરવાને પ્રેરણા મળે તે હેતુથી  પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. મુલાકાતીઓ આ પ્રદર્શન ઐતિહાસીક કિલ્લા ખાતે આર્ટ ગેલેરી કમ એક્ઝિબીશન હોલમાં  તા. ૧૫ થી ૩૦ જૂન, ૨૦૨૪ સુધી વિનામૂલ્યે નિહાળી શકશે.

**પ્રદર્શનનો સમય**

તા. ૧૫ થી ૧૬, ૧૮ થી ૨૩, ૨૫ થી ૩૦ જૂનના રોજ સવારે ૧૦:૩૦ થી ૦૫:૩૦ કલાક સુધી

તા. ૧૭ અને ૨૪ જૂનના રોજ કિલ્લો તથા પ્રદર્શન બંધ રહેશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર રવાના સમાચાર યાદી
પી. આર.ઓ. નં. ૭૭
તા. ૧૪/૦૬/૨૦૨૪